ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

| તાપમાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૬.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૪૦.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૨૮.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૨૮.૦° સે. |



## દારૂમુક્ત થવા ડાંગના ગુરૂડિયા ગ્રામ પંચાયતનો ઐતિહાસિક ઠરાવ

**યુવાનોના** ભવિષ્ય માટે વ્યસન વિરુદ્ધ કડક પગલું, દારૂના વેચાણ-ખરીદી પર પ્રતિબંધ, ભંગ કરનાર સામે ભારે દંડ અને પોલીસ કાર્યવાહીની ચીમકી



સાપુતારા: ડાંગ જિલ્લાના સુબિર તાલુકામાં આવેલા ગુરૂડિયા ગામે સમાજ સુધારણા અને નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે એક ઐતિહાસિક અને પ્રશંસનીય નિર્ણય લીધો છે. ગામને સંપૂર્ણપણે વ્યસનમુક્ત બનાવવા માટે ગ્રામ પંચાયત દ્વારા વિશેષ સભા યોજી મહત્ત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. ઠરાવ મુજબ ગામની હદમાં દેશી તેમજ ઈંગ્લિશ દારૂના વેચાણ અને ખરીદી પર ૧૦૦ ટકા પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

ગામના આગેવાનો અને ગ્રામજનોએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી યુવાનો વ્યસનની લત તરફ આકર્ષાઈ રહ્યા હતા, જેના કારણે પરિવાર અને સમાજ પર નકારાત્મક અસર પડી રહી હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગામને વ્યસનમુક્ત બનાવવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે. આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને માન આપતા ઠરાવમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે દેવકામ અથવા પરંપરાગત સામાજિક પ્રસંગોમાં વર્ષોથી ચાલતી આવતી રીત-રિવાજ મુજબ મર્યાદિત માત્રામાં દેશી મહુડાનો દારૂ બનાવવાની છૂટ રહેશે, પરંતુ તેનો વેપાર કે વેચાણ સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. ઠરાવનું કડક પાલન થાય તે માટે પંચાયતે આકરા દંડની જોગવાઈ પણ અમલમાં મૂકી છે. ગામમાં દારૂનું વેચાણ અથવા ઉત્પાદન કરતા કોઈ વ્યક્તિ ઝડપાશે તો તેને રૂ. ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવશે તેમજ તેની સામે પોલીસ કાર્યવાહી હાથ ધરાશે. એટલું જ નહીં, આવા વ્યક્તિને ગામમાંથી કોઈપણ વ્યક્તિ જામીન આપશે નહીં તેવો પણ સામૂહિક નિર્ણય લેવામાં આવ્યો છે. બીજી તરફ, ગામની બહારથી દારૂ પીને આવતા વ્યક્તિ સામે પણ પંચાયત કડક વલણ અપનાવશે. આવા વ્યક્તિ પાસેથી રૂ.૧૦ હજારનો દંડ વસૂલવામાં આવશે. વારંવાર નિયમનો ભંગ કરનાર વ્યક્તિ અને તેના પરિવાર સામે સામાજિક બહિષ્કાર જેવી કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા આ ઠરાવની નકલ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં પણ જમા કરાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગુરૂડિયા ગામની આ અનોખી અને કડક પહેલ સમગ્ર ડાંગ જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે અને અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ સાબિત થઈ શકે છે.

ઈંધણની સમસ્યા, વડાપ્રધાનની અપીલ બાદ પર્યાવરણ બચાવ માટે

## 18 મેથી દમણના નમોપથ અને રામસેતુ રસ્તા પર નહીં દોડે વાહનો

**નો** વ્હીકલ ઝોન અંતર્ગત ફક્ત રાહદારીઓ, સાઈકલ અને ઈલેક્ટ્રિક વાહનોને મંજૂરી




દમણ: સંઘપ્રદેશ દમણના નમોપથ અને રામસેતુ રસ્તા પર 18 મેથી પેટ્રોલ અને ડીઝલના વાહનો પર રોક લગાવવામાં આવી છે. આ બન્ને રસ્તાને નો વ્હીકલ ઝોન જાહેર કરી ફક્ત રાહદારીઓ, સાઈકલ અને ઈલેક્ટ્રિક વાહનોને જ રસ્તા પરથી અવરજવર કરવાની મંજૂરી આપવામાં આવશે.

વડાપ્રધાન દ્વારા દેશના લોકોને ઈંધણનો વપરાશ ખપ પૂરતો કરવા માટે જે અપીલ કરી છે. તેને ધ્યાન પર લઈ સંઘપ્રદેશ દાનહ દમણ અને દીવના વહીવટી તંત્ર દ્વારા પ્રદેશવાસીઓ અને દમણની મુલાકાતે આવતા પર્યટકોને રાષ્ટ્રીય સ્થિતિ સ્થાપકતા તરફના સામૂહિક ચળવળમાં ભાગ લેવાના હેતુથી અને પર્યાવરણને ધ્યાન પર લઈ નાની દમણના દરિયાકિનારે આવેલા નમોપથ અને મોટી દમણ લાઈટ હાઉસથી જામપોર સુધીના રામસેતુ રસ્તા પર 18 મે 2026થી નો વ્હીકલ ઝોન તરીકે જાહેર કર્યો છે. એટલે કે આ બન્ને રસ્તાઓ પર પેટ્રોલ અને ડિઝલ સંચાલિત વાહનોની અવરજવર પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ફક્ત પગપાળે ચાલતા રાહદારીઓ, સાઈકલ અને ઈલેક્ટ્રિક વાહનોને જ આવવા જવાની મંજૂરી આપવામાં આવી છે. ઊર્જા સ્ત્રોત તરીકે લોકોએ એલ.પી.જી. ની જગ્યાએ પી.એન.જી. તરફ સ્થળાંતર કરવા, માસિક ઈંધણના વપરાશમાં ઘટાડો કરવા, જાહેર પરિવહનનો મહત્તમ ઉપયોગ કરવા, વર્ક ફ્રોમ હોમ કરવા, ઈ.વી. જેવા વાહનો તરફ વળવા સહિતની અપીલ કરવામાં આવી છે.

### પ્રશાસક પ્રફૂલભાઈ પટેલ પણ તેમના કાફલામાં કરશે ઘટાડો

દાનહ દમણ દીવના પ્રશાસક પ્રફૂલભાઈ પટેલ પણ તેમના રોજીંદા સરકારી કામકાજ દરમિયાન તેમની ગાડી સાથે ચાલતા કાફલામાં ઘટાડો કરશે. સાથે તેમણે દરેક સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને કાર પૂલિંગ કરવા, સરકારી કર્મચારીઓને બિનજરૂરી મુસાફરી ઘટાડવા, લંચ સમયે બહાર જવાની જગ્યાએ ઓફિસમાં જ ભોજન કરવા, વર્ચ્યૂલ મિટિંગ આયોજિત કરવા સહિત ઈંધણ અને અન્ય ઉર્જાના સ્ત્રોત અંગે જારી કરેલા આદેશનું પાલન કરવાનો અનુરોધ કર્યો છે.

## ગરમીમાં ઉનાઈ રેલવે સ્ટેશને પીવાનાં પાણી માટે વલખાં

**ઉનાઈ** યાત્રાધામે આવતા મુસાફરોને સુવિધા આપવામાં રેલવે તંત્ર નિષ્ફળ

વાંસદા: વાંસદા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ખાતે આવેલા ઉનાઈ રેલવે સ્ટેશનમાં મુસાફરો માટે હાલ 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન છતાં પીવાના પાણીની સુવિધાનો અભાવ જોવા મળી રહેતા લોકોની હાલત કફોડી બની રહી છે, મુસાફરો માટે શૌચાલયની પણ પૂરતી સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે.

ઐતિહાસિક યાત્રાધામ ઉનાઈ ગામે બીલીમોરા- વઘઇ નેરોગેજ ટ્રેન દિવસમાં બે વાર ટ્રીપ મારે છે. જેમાં હજી પણ ઘણા ગરીબ અને આદિવાસી લોકો પોતાના કામકાજ માટે મુસાફરી કરતાં જોવા મળી રહે છે. ટ્રેનમાં મુસાફરીનું ભાડું અન્ય કરતાં સસ્તું હોવાના કારણે ગરીબ પરિવારના લોકો હજુ પણ આ ટ્રેનમાં વધુ મુસાફરી કરતાં જોવા મળે છે. મુસાફરી દરમિયાન રેલવે સ્ટેશન પર મુસાફરોએ અનેક અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં હાલ ભર ઉનાળે ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાઈ રહ્યું હોવા છતાં પીવાના પાણીની કોઈજ સુવિધા નહીં રહેતા મુસાફરોએ પીવાના પાણી માટે પણ વલખાં મારવા પડે છે. આમ પ્રાથમિક સુવિધા રેલવે સ્ટેશન પર ઉપલબ્ધ કરવા બાબતે તંત્ર સાવ વામણું પુરવાર થઇ રહ્યું છે. દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું ઉનાઈ યાત્રાધામ હોવાના કારણે અહીં દરરોજ ભક્તોનો ભારે ધસારો રહેતો હોય છે. તેમાંય રવિવાર કે તહેવારોના દિવસોમાં ભારે-ભીડ રહેતી હોય છે. આ પાયાની સુવિધાના અભાવે બહાર ગામથી આવતા મુસાફરોમાં જેમાં ખાસ કરીને મહિલાઓને વધુ મુશ્કેલી પડે છે.

### બુલેટ ટ્રેનની દૌડ, બીજી તરફ ઐતિહાસિક નેરોગેજ ટ્રેનના સ્ટેશને અસુવિધા

સરકાર આજે બુલેટ ટ્રેન અને મેટ્રો ટ્રેન પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી છે, ત્યારે આ ઐતિહાસિક નેરોગેજ ટ્રેનના રેલવે સ્ટેશન પર મુસાફરોને પાણી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ પણ કેમ ઉપલબ્ધ નથી જેવા સવાલો લોકોમાં ઊભા થયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગ જિલ્લામાં ડ્રોપ આઉટ થયેલા બાળકોના પોસ્ટ સરવેની કામગીરી હાથ ધરાઈ




સાપુતારા: ધોરણ ૧ થી ૧૨ સુધી ડ્રોપ આઉટ થયેલા બાળકોના પોસ્ટ સરવેની કરવાની કામગીરી હાલ રાજ્યભરમાં ચાલી રહેલ છે. જેના ભાગરૂપે ડાંગ જિલ્લાના કુલ ૩૫૨૨ બાળકો પૈકી અત્યાર સુધીમાં ૩૩૮૭ બાળકોના સર્વેની કામગીરી હાલમાં પુર્ણ કરવામાં આવી છે. જેમાંથી ૮૩૭ બાળકોના વાલી તથા બાળકોને પુનઃ પ્રવેશ માટે સમજાવ્યા છે. આ બાળકોને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૬ દરમિયાન પુનઃ પ્રવેશ કરાવી મુખ્ય ધારામાં લાવવામાં આવશે. સાથે જ આ તમામ બાળકો જે તે વર્ગ, જે તે શાળામાંથી અધવચ્ચેથી શાળા છોડી ગયા હોય તેઓના વાલીઓનો ફરીથી સંપર્ક કરી સમજાવી "બાળકોને શાળામાં પાછા લાવીએ" (back to school) અભિયાન અંતર્ગત હાલ પોર્ટલ બેઝ વાલીનો સંપર્ક કરી પુનઃ પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### બીલીમોરામાં રાત્રિના સમયે બાઈકની ચોરી, સીસીટીવીમાં ઘટના કેદ



બીલીમોરા: બીલીમોરા શહેરના ટાટા નગર અને સહયોગ સોસાયટી વચ્ચે આવેલા માર્ગ પર રાત્રિએ એક અજાણ્યો બાઈક ચોર બાઈકનું સ્ટિયરિંગ લોક તોડી તેની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. બાઈક ચોર્યા બાદ પણ તે અટક્યો ન હતો; તે જતાં-જતાં રસ્તા પર ઉભેલી અન્ય બાઈકોના પણ સ્ટિયરિંગ લોક ચેક કરતો જોવા મળ્યો હતો. તેનો ઈરાદો જો કોઈ અન્ય ગાડીનું લોક ખુલ્લું હોય તો તેને પણ ચોરી જવાનો હોવાનું જણાઈ રહ્યું છે. સીસીટીવી ફૂટેજ સોશ્યિલ મીડિયામા ફરતા થતાં ચોરની ઓળખ મેળવવા અને તેને પકડવા માટે પોલીસે પ્રયાસ હાથ ધર્યા છે.

### અંબાડા ગામે GEBના વીજ તારની ચોરી

નવસારી: તા. 12 મે 2026ના રોજ બપોરે અજાણ્યા તસ્કરો દ્વારા નવસારીના અંબાડા ગામે સહકારી મંડળી નજીક ગુજરાત એનર્જી બોર્ડ (GEB)ના રાખવામાં આવેલા આશરે 110 મીટર લાંબા એલ્યુમિનિયમ વીજ તારની ચોરી કરવામાં આવી હતી. ચોરી થયેલા તારની અંદાજિત કિંમત રૂ.2700 હોવાનું જાણવા મળ્યું છે. જે અંગે ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ તેમજ શંકાસ્પદ હિલચાલ અંગે તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

### ચીખલીના મોબાઈલ ચોરીમાં એકને LCBએ ઝડપી પાડ્યો



નવસારી: નવસારી LCBએ ચીખલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મોબાઈલ ચોરીના વણઉકેલાયેલા ગુનાનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડ્યો છે. વલસાડ જિલ્લાના ગોરગામ ટીમલી ફળિયાના 24 વર્ષીય ચેતનભાઇ છનાભાઇ આહિરની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી અંદાજે ₹28 હજાર કિંમતનો ચોરી કરાયેલો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે.

### મરોલીના એટલાન્ટિકા મોલમાં ચોરીનો પ્રયાસમાં એક ઝડપાયો

નવસારી: જલાલપોર તાલુકાના મરોલી ચાર રસ્તા વિસ્તાર સ્થિત એટલાન્ટિકા મોલમાં આવેલી અનેક દુકાનોને નિશાન બનાવી એસીમાં લગાવેલા કિંમતી કોપર વાયર ચોરી કરવાનો પ્રયાસ કરનાર એક યુવકને મરોલી પોલીસે ઝડપી પાડીપાડ્યો હતો. મોલના વેપારી જીમીતભાઈ જગદીશભાઈ શાહની દુકાનો સહિત અન્ય સાતથી આઠ દુકાનોને નિશાન બનાવવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેની ઓળખ પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના રહેવાસી અને હાલ મરોલી ખાતે રહેતા 22 વર્ષીય મેરાઝ ઉર્ફે મિરાઝુલ ઝાહિદુલ મુલ્લા તરીકે થઇ હતી.

## નવસારી મનપાના વોર્ડ નં. 5ની બેઠકની ચૂંટણી બાદ કોર્ટમાં પિટિશન દાખલ

**ભાજપના** વિજેતા ઉમેદવારે ચાલતા કેસોની વિગત જાહેર કરી ન હોવાની કોંગ્રેસ ઉમેદવારની રજૂઆત

નવસારી: નવસારી મહાનગરપાલિકાની તાજેતરની ચૂંટણી બાદ વોર્ડ નં. 5ની બેઠકને લઈને નવસારી ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ઈલેક્શન પિટિશન દાખલ કરવામાં આવી છે. ભાજપના વિજેતા ઉમેદવાર સંગીતાબેન હસમુખભાઈ રાઠોડની ચૂંટણી પ્રક્રિયા અંગે કોંગ્રેસના ઉમેદવાર હર્ષિતાબેન હળપતિ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

અરજીમાં જણાવાયું છે કે ઉમેદવારી ફોર્મ સાથે રજૂ કરાયેલા સોગંદનામામાં અગાઉ નોંધાયેલા એક કેસની વિગતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. રજૂઆત મુજબ, નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં અગાઉ પોક્સો એક્ટ અને આઈપીસીની કેટલીક કલમો હેઠળ કેસ નોંધાયો હતો, જેમાં બાદમાં તેઓ નિર્દોષ જાહેર થયા હતા. અરજદારે દલીલ કરી છે કે ચૂંટણી નિયમો અનુસાર ઉમેદવારે પોતાના વિરુદ્ધ નોંધાયેલા તમામ કેસો તેમજ તેમાં મળેલા ચુકાદાની માહિતી પણ જાહેર કરવી જરૂરી ગણાય છે. આ મુદ્દે અગાઉ ચૂંટણી અધિકારી સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હોવાનું અરજીમાં જણાવાયું છે. GPMC એક્ટ 1949 હેઠળ દાખલ થયેલી આ પિટિશનમાં ચૂંટણી પ્રક્રિયા અંગે કોર્ટ સમક્ષ યોગ્ય નિર્ણય કરવાની માંગ કરવામાં આવી છે.

હાલ મામલો કોર્ટના વિચારાધીન હોવાથી આગામી સુનાવણી તરફ રાજકીય વર્તુળોમાં રસ જોવા મળી રહ્યો છે.

## ખેરગામ ગૌરીમાં આશ્રમશાળાના આચાર્યાને કારણદર્શક નોટિસથી ચકચાર

**નિયમોનો** ભંગ, બેદરકારીપૂર્ણ વર્તન, સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા જેવા ગંભીર આક્ષેપો



ખેરગામ: ખેરગામના ગૌરી ખાતે કાર્યરત ગ્રામ મંગલમ ટ્રસ્ટ સંચાલિત આશ્રમ શાળાના આચાર્યા લતાબેન ગોકુળભાઈ પટેલને ટ્રસ્ટ દ્વારા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ નોટિસમાં આચાર્યા સામે સંસ્થાના નિયમોનો ભંગ, બેદરકારીપૂર્ણ વર્તન અને સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા જેવા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

ખેરગામ તાલુકાના ગૌરી ખાતેના ગ્રામમંગલમ ટ્રસ્ટના પ્રમુખ દ્વારા પાઠવવામાં આવેલી આ નોટિસમાં જણાવ્યા અનુસાર, આચાર્યા લતાબેન છેલ્લા 2 વર્ષથી ફરજ બજાવી રહ્યા છે, પરંતુ તેમની કામગીરી અંગે વારંવાર મૌખિક સૂચનાઓ આપવા છતાં અનિયમિતતાઓ જોવા મળી રહી છે. ટ્રસ્ટે મુખ્ય ૪ મુદ્દાઓ પર આચાર્યાનો ખુલાસો માંગ્યો છે. જેમાં ૧.આચાર્યા દ્વારા સંસ્થાના નિયમો અને ટ્રસ્ટની સૂચનાઓનું યોગ્ય પાલન કરવામાં આવતું નથી. ૨.આશ્રમશાળાના આચાર્ય તરીકે ફરજ પર હોવા છતાં નિયમ મુજબ સંસ્થામાં રાત્રિ રોકાણ કરવામાં આવતું નથી. ૩.સંસ્થાના નિવૃત્ત આચાર્ય અને લતાબેનના પતિ ગોકુળભાઈ મેરજીભાઈ પટેલ દ્વારા સંસ્થાના વહીવટમાં બિનજરૂરી દખલગીરી કરવામાં આવે છે, જેના પર આચાર્યાનું કોઈ નિયંત્રણ નથી. ગત તા. ૦૮/૦૫/૨૦૨૬ના રોજ આશ્રમશાળાના પરિસરમાં આવેલી આંબાની કલમોમાંથી પૂર્વ મંજૂરી વગર કેરી ઉતારી લેવાની ઘટના બની હતી. આ બાબતે પ્રાથમિક માહિતી, ફોટોગ્રાફ્સ અને વીડિયોના આધારે આચાર્યાની સંડોવણી હોવાની ગંભીર શંકા વ્યક્ત કરવામાં આવી છે.

નોટિસમાં વધુમાં જણાવ્યા અનુસારપ આ પ્રકારના વર્તનને કારણે સંસ્થાને આર્થિક નુકસાનની સાથે આશ્રમશાળાની શિસ્ત અને પ્રતિષ્ઠાને પણ અસર પહોંચી છે. ટ્રસ્ટે આચાર્યાને આ નોટિસ મળીએથી ૭ દિવસની અંદર લેખિત ખુલાસો રજૂ કરવા આદેશ આપ્યો છે.

### સરીગામમાં મહત્ત્વના પોઇન્ટ ઉપર સ્પીડ બ્રેકર મુકવાની માંગ

ઉમરગામ: સરીગામ ગ્રામ પંચાયત દ્વારા કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ સ્ટેટને રજૂઆત કરવામાં આવી છે કે સરીગામમાં જીઆઈડીસીના કારણે સરીગામ બાયપાસ રોડ તથા સરીગામ ગ્રામ પંચાયત વિસ્તારમાંથી પસાર થતાં માર્ગ ઉપર ટ્રાફિક અને ભારે વાહનોની અવરજવર સતત રહે છે. આ માર્ગો ઉપર અકસ્માતના ચિંતાજનક બનાવો પણ વધ્યા છે ત્યારે વાહનોની સ્પીડને અંકુશમાં રાખવા મહત્ત્વના પોઈન્ટ ભીલાડ સરીગામ ફણસા સ્ટેટ હાઈવે ભીલાડ પ્રાથમિક શાળા પાસે, અવધ ધામ સનસિટી સોસાયટી પાસે, લક્ષ્મી વિદ્યાપીઠ મુખ્ય ગેટ પાસે, મેન માર્કેટ બજાર પાસે, શાલીગ્રામ સોસાયટી પાસે, રાધાબાઈ વાંચનાલય એક્સિસ બેન્ક પાસે, શ્રી રામ મંદિર પાસે અને કોળીવાડ ત્રણ રસ્તા પાસે સ્પીડ બ્રેકર મુકવાની જરૂરિયાત છે.

### નેશનલ હાઈવેના સર્વિસ રોડને જ સર્વિસની જરૂર...




■ ઘેજ: આલીપોરથી ચીખલી આવતા થાલા ગામ પાસે નેશનલ હાઇવેના સર્વિસ રોડ પર મસમોટા ખાડો પડતા વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવાની નોબત આવી છે. દિવસ દરમિયાન તો યેનકેન પ્રકારે મોટા વાહનો કે ટુવ્હીલર પસાર થઈ જાય છે. પરંતુ રાત્રિના સમયે આ સર્વિસ રોડ પરથી પસાર થવું એટલે અકસ્માતને નોતરું આપવા સમાન છે ત્યારે હાઇવે ઓથોરિટીને આ ખાડાને પુરવાની ફૂરસદ ક્યારે મળશે તે જોવું રહ્યું.

### બીલીમોરા રેલવે સ્ટેશન નજીક ટ્રેન અડફેટે બેનાં મોત

બીલીમોરા: બીલીમોરા રેલવે સ્ટેશન પર રેલવે લાઈન ક્રોસ કરતી વખતે ટ્રેનની અડફેટે આવી જતાં ૫૮ વર્ષીય પ્રોઢનું મોત નીપજ્યું હતું અન્ય બનાવમાં અજાણ્યાનું ટ્રેન અડફેટે મોત થયું હતું. વાંસદાના ઉપસળ કાજીયાકુવા ફળિયામાં રહેતા ૫૮ વર્ષીય ચીમનભાઈ પટેલ બુધવારે રાત્રે બીલીમોરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ના ઉત્તર છેડેની વચ્ચે અપ રેલવે લાઈન પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ટ્રેન પૂરપાટ ઝડપે આવી પહોંચતા ચીમનભાઈ તેની અડફેટે આવી જતાં મોત નીપજ્યું હતું. અન્ય ઘટનામાં એક અજાણ્યા પુરુષનું પ્લેટફોર્મ નં ૨ ના છેડા પરથી પસાર થતી રાજધાની એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જવાથી મોત નીપજ્યું હતું.

## ઈંધણ બચત અને ગ્રીન પહેલમાં નવસારી પોલીસનું અનોખું પગલું

**પર્યાવરણ** બચાવ સાથે સંસાધનોની કરકસરનો સંદેશ સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ



નવસારી: દેશમાં ઈંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલી અપીલને નવસારી જિલ્લા પોલીસ દ્વારા ગંભીરતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો અને શાખાઓમાં ઈંધણ બચત માટે અસરકારક પગલાં શરૂ કરવામાં આવ્યા છે.

પોલીસ વિભાગ દ્વારા હાથ ધરાયેલી આ પહેલ માત્ર સરકારી ખર્ચમાં ઘટાડો લાવશે એટલું જ નહીં, પરંતુ પર્યાવરણ જાળવણી માટે પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. સમાજમાં જવાબદાર નાગરિકતાનો સંદેશ પહોંચાડવા માટે નવસારી પોલીસે એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઈંધણ બચત અભિયાન અંતર્ગત પોલીસ સ્ટાફને વધુમાં વધુ કારપૂલિંગ અપનાવવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત, લાંબા અંતરની મુસાફરી અને હાઈકોર્ટ સંબંધિત કામગીરી માટે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ પ્રાથમિકતા બનશે. વહીવટી બેઠકો માટે હવે વાહનો દોડાવવાને બદલે વીડિયો કોન્ફરન્સિંગને પ્રોત્સાહન આપવામાં આવશે.

કોર્ટ કાર્યવાહી દરમિયાન પણ અનિવાર્ય પરિસ્થિતિ સિવાય વીડિયો કોન્ફરન્સ દ્વારા હાજરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેના કારણે સમય અને ઈંધણ બંનેની બચત થશે. સાથે જ પોલીસ સ્ટાફને ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે, જેથી પ્રદૂષણમાં ઘટાડો થાય અને ગ્રીન એનર્જીને વેગ મળે.

નવસારી પોલીસની આ ગ્રીન પહેલ હવે અન્ય વિભાગો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે.

### વાંસદાના વાંગણ ગામે લગ્નમાંથી ઘરે જતાં પરિવાર પર વૃક્ષની ડાળી પડતા પિતાનું મોત

વાંસદા: વાંસદાના વાંગણ ગામે ગહવાટ ફળિયામાં રહેતા કિશનભાઈ મંદુભાઈ વાઘેરા (ઉં.વ.35) બુધવારે રાત્રે વાંગણ ગામે જ આવેલા પટેલ ફળિયામાં તેમની પત્ની અને પુત્ર સાથે લગ્ન પ્રસંગમાં જમવા ગયા હતા. રાત્રે ઘરે પરત ફરતાં ખાંભલા- ચોરવણી માર્ગ પર વાંગણ ગામની હદમાં પટેલ ફળિયા ખાતે માર્ગની બાજુમાં ઝાડની ડાળી તૂટીને કિશનભાઇ વાઘેર, પત્ની અને પુત્ર પર પડી હતી, જેમાં ત્રણેયને ઈજા થઈ હતી. સારવાર માટે વાંસદા કોટેજ હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે કિશનભાઇ વાઘેરાને મૃત જાહેર કર્યા હતા.

## નવસારીની પૂર્ણા નદીમાં ઝંપલાવનાર કબીલપોરના યુવકનો મૃતદેહ મળ્યો

**ત્રણ** દિવસ તંત્રએ શોધખોળ કરી, પરિવાર પર આભ તૂટ્યું



નવસારી: નવસારીના કબીલપોર વિસ્તારમાં રહેતા એક યુવાને ધારાગીરી નજીક પૂર્ણા નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે દુઃખનો માહોલ સર્જ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પાર્થ ઉર્ફે પ્રજ્ઞેશ ગૌતમભાઈ પટેલ નામનો યુવાન ગત મંગળવારની મોડી રાત્રે નેશનલ હાઈવે પર આવેલા ધારાગીરી બ્રિજ સુધી પહોંચ્યો હતો અને ત્યારબાદ પૂર્ણા નદીમાં ઝંપલાવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ, સ્થાનિક તરવૈયાઓ અને પરિવારજનો દ્વારા સતત શોધખોળ શરૂ કરવામાં આવી હતી. લાંબા સમય સુધી શોધખોળ બાદ ગુરુવારે સવારે નદીમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. પાર્થ છેલ્લા કેટલાય વર્ષોથી કબીલપોર ખાતે માતા અને બહેન સાથે રહેતો હતો. પિતાના અવસાન પછી પરિવારની જવાબદારી પણ તેના પર આવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, પરિવારજનોએ નજીવી બાબતે સમજાવતા યુવકે મનમાં લાગી આવતાં આ અંતિમ પગલું ભર્યું હોવાની ચર્ચા ચાલી રહી છે. જોકે, સમગ્ર ઘટનાની હકીકત જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે.